# શહેર-જિલ્લામાં કોરોનાના વધુ ૩૪ કેસ

## વાત ગાંધીનગરની

મોડી સાંજે વરસાદી ઝાંપટુ પડતા શહેરના વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી પરંતુ કોરોનાના વધતા સંક્રમણથી શહેરીજનોના મનમાં ઉચાટ વધી રહ્યો છે. છેલ્લા ત્રણ દિવસમાં સો થી વધારે કેસ નોંધાતા શહેર-જિલ્લામાં ચિંતાનું મોજુ પ્રસર્યુ છે.

**હવે સરકાર નહી... આપણે જ વિચારવુ પડશે**

લોકડાઉન આવશે... નહી આવે... અફવાઓના તર્ક-વિતર્કોની વચ્ચે વાસ્તવિકતાથી જનજીવન ઉચાટમાં છે. હવે સરકાર તો લોકડાઉન મામલે નથી જ વિચારવાની ત્યારે સમાજે સ્વૈચ્છિક રીતે સ્વૈચ્છિક લોકડાઉનની દિશામાં વિચારવુ પડશે. શહેર અને જિલ્લામાં વધતી જતી કોરોના સંક્રમણની સંખ્યા બાદ મીનાબજારની જેમ વેપારી સંગઠ્નો, સામાજિક સંસ્થાઓ, વસાહત મંડળોએ સ્વૈચ્છિક લોકડાઉન પાળવાનો સમય આવી પહોંચ્યો છે.

**પલીયડના પુજારીને પોઝીટીવ**

ગઈકાલે પલીયડના એક મંદિરના પાટોત્સવ નિમિત્તે નિકળેલી શોભાયાત્રામાં હાથીની અંબાડી પર બેઠેલા પુજારીનો ટેસ્ટ કરાતા તેનો પોઝીટીવ રીપોર્ટ આવતા ઉજવણીમાં જોડાનાર ભાવિકોમાં ફફડાટ વ્યાપ્યો છે. ધાર્મિક મેળાવડાઓ અને મહોત્સવો કેટલી અને કેવી વિકરાળ સ્થિતિનું નિર્માણ કરી શકે તેનુ વરવુ ઉદાહરણ નિઝામુદ્દીન મરકઝ સ્વરૂપે આપણી સમક્ષ જ હોવા છતાં ભૂલોની પરંપરા આમ જ સર્જાતી રહેશે તો કોરોના સામેનો જંગ કેમ જીતી શકાશે.

**ગાંધીનગરને ગંદકીનુ ગ્રહણ...**

સ્માર્ટ સીટીના સ્વપ્નને સાકાર કરવા સતત મથામણ કરતા ગાંધીનગરને હજુ પણ ગંદકીનું ગ્રહણ નડ્યાં કરે છે. કલેક્ટર સંકુલની આસપાસ ગંદકીના થર જામ્યા હોય તો બીજે તો કહેવુ જ શુ. વિસ્તરતા અને વિકસતા મહાનગરને સ્વચ્છ બનાવવાના અભિયાનને અગ્રતા આપવાની અનિવાર્યતા છે નહી તો કોરોનાની સાથે મેલેરીયા, ડેન્ગ્યુ જેવા રોગ પણ ઝડપથી ફેલાઈ જશે ત્યારે તંત્ર અને સમાજ લાચાર બની જશે. હજુ પણ મોડુ થાય તે પહેલા સચેત અને સતર્ક બનવાની જરૂર છે.

**વૃક્ષોના વાવેતરને વધાવીએ**

ચોમાસાના આરંભ સાથે વૃક્ષારોપણનું અભિયાન પ્રતિવર્ષ પાટનગરમાં જોરશોરથી ચાલે છે પરંતુ આ વર્ષે કોરોનાના કેરથી શાળા-કોલેજો અને સામાજિક સંસ્થાઓની ભારે ઓટ વર્તાય છે. ત્યારે ગ્રીન ગાંધીનગરના શમણાંને સાકાર કરવા પ્રત્યેક પાટનગરવાસી માત્ર એક વૃક્ષ વાવીને ઉછેરે તો એક સાથે સાડા ત્રણ લાખ વૃક્ષો વવાશે અને ઉછેરાશે. આજનો આ વિચાર આગામી પેઢી માટે ઉપકારક બની રહેશે. આપણા ઘર પાસે વાવેલુ વૃક્ષ આપણા સંતાનોની ગાડીઓ પાર્ક કરવા ઉપયોગી બનશે.

**શહેરના રાજકારણમાં સળવળાટ**

ભાજપના શહેર પ્રમુખની નિમણુંક પર ભલે હમણાં પડદો પડ્યો હોય પરંતુ નવી નિમણુંકના તર્ક-વિતર્કો પૂરજોશમાં ચાલે છે. જ્યારે બીજી તરફ કોંગ્રેસમાં હાર્દિક પટેલને મહત્વની જવાબદારી સોંપાતા શહેર-જિલ્લાના હાર્દિકના ટેકેદારો જોશમાં આવી ગયા છે. આવનારા દિવસોમાં શહેર કોંગ્રેસના નેતૃત્ત્વમાં પણ પરિવર્તન આવી રહ્યું છે એમ આજની ઘડીએ આગાહી કરી શકાય.

**'અર્ક' આજનો**

સંબંધો ત્યારે જ નબળા પડે જ્યારે એકમેકને 'પામવા' નીકળેલા બે જણ એકબીજાને 'માપવા' લાગે...

## ગ્રામ્યવિસ્તારમાં વધુ ૧૯ કેસ

**ગાંધીનગર તાલુકામાં ૮, કલોલમાં ૯, દહેગામ-માણસામાં ૧-૧ કેસ : ૨૦ હજારથી વધુ લોકોને ક્વોરોન્ટાઈન કરવામાં આવ્યા છે**

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે કોરોનાના કુલ ૧૯ કેસ નોંધાયા છે. જેમાં ગાંધીનગર તાલુકામાં ૮, કલોલમાં ૯, માણસામાં ૧ અને દહેગામમમાં ૧ કેસનો સમાવેશ થાય છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં વધતા જતા કેસોની સંખ્યાને પગલે જિલ્લા આરોગ્ય તંત્રમાં દોડધામ વધી જવા પામી છે. રોકેટગતિથી કેસોની સંખ્યા વધી રહી હોવાથી તંત્રની ચિંતામાં વધારો થવા પામ્યો છે.

મળતી વિગતો પ્રમાણે ગાંધીનગર તાલુકામાં સુઘડ, અડાલજ, કુડાસણ, શેરથા, સરઢવ, વાવોલ અને રાંધેજામાંથી આજે બે કેસો મળ્યા છે. રાંધેજામાંથી એક ૮૦ વર્ષની સ્ત્રીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ઉપરાંત એક ૨૮ વર્ષીય યુવકનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

અડાલજમાં પણ ધીમી ગતિએ પુનઃ કોરોનાએ માથુ ઉંચક્યુ છે. સરઢવમાં પણ આજે ત્રીજો કેસ કોરોનાનો નોંધાયો છે. સરઢવમાંથી ૫૬ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. ગાંધીનગર તાલુકામાંથી જિલ્લામાંથી વધુ કેસ નોંધાયા છે.

કલોલ અર્બન અને ગ્રામ્ય વિસ્તારમાંથી આજે નવ કેસ મળ્યા છે. જે પૈકી ૬ દર્દીને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં, ૨ દર્દીઓ ખાનગી હોસ્પિટલમાં અને એક દર્દીને હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકારતાં તંત્રએ તેને મંજૂરી આપી છે.

● અનુસંધાન પાન-૭ પર

## શહેરમાં કોરોનાના વધુ ૧૫ કેસ

**સે. ૨૬ માંથી ૭, સે. ૪ માંથી ૫, સે. ૨-બી, સે. ૧૪, સે. ૨૩ માંથી કેસો નોંધાયા : ૪૦૦ થી વધુ લોકો ક્વોરોન્ટાઈન હેઠળ રખાયા છે**

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર શહેરમાં આજે કોરોનાના વધુ ૧૫ કેસ નોંધાયા છે. શહેરમાં કોરોનાના કેસોની સંખ્યા ૩૦૦ની નજીક પહોંચી છે. આજ સુધીમાં ૨૯૭ કેસો નોંધાઈ ચુક્યા છે.

મળતી વિગતો પ્રમાણે આજે સે. ૨૬ માંથી સૌથી વધુ ૭ કેસ મળ્યા છે. આ પછી સે. ૪-સી માંથી ૪ અને ૪-બી માંથી ૧ તો સે. ૨-સી, સે. ૧૪ અને સે. ૨૩ માંથી એક-એક કેસ મળી આવેલ છે. આજે એક સાત વર્ષની બાળા જે સે. ૨૬ માં રહે છે તેનો રિપોર્ટ પણ પોઝીટીવ આવ્યો છે.

મળતી વિગતો પ્રમાણે સે. ૨૬ માંથી એક ૫૬ વર્ષીય મહિલા, ૫૫ વર્ષીય પુરૂષ અને ૭ વર્ષની દિકરીનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે. આ પરિવાર અમદાવાદમાં સંક્રમિત થયેલ પરિવાર સાથે સંપર્કમાં હોવાથી તેઓ સંક્રમિત થયાનું જાણવા મળેલ છે. ઘરના ૩ વ્યક્તીઓને તંત્ર દ્વારા ક્વોરોન્ટાઈન કરવામાં આવ્યા છે.

સે. ૧૩ માં રહેતા અને અમદાવાદ નજીક સાણંદ સ્થિત એક ખાનગી કંપનીમાં નોકરી કરતા ૩૭ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. જેને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

આ દર્દીના પરિવારના ૨ વ્યક્તીઓને તંત્ર દ્વારા હોમ ક્વોરોન્ટાઈન કરવામાં આવ્યા છે.

સે. ૧૩ માં રહી અને અભ્યાસ કરતા એક ૧૭ વર્ષીય યુવકનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેને

● અનુસંધાન પાન-૭ પર

# શહેરમાં ભર અષાઢે શ્રાવણના સરવરિયા

**આકાશમાં રોજબરોજ ગોરંભાતા વરસાદી વાદળો હળવા ભારે ઝાપટા સાથે પલવારમાં વિખેરાઇ જાય છે : શહેરમાં સિઝનનો ૯ ઇંચ વરસાદ**

ગાંધીનગર તા ૧૨

શહેરમાં આજે દિવસ દરમિયાન અલપ ઝલપ વરસતા વરસાદના લીધે બપોર સુધી છુટોછવાયો ઝરમરિયો વરસાદ વરસ્યો હતો. જયારે સાંજના સમયે વરસાદના ભારે ઝાપટાથી ચોમેર વરસાદી પાણી ઉભરાયા હતા. છેલ્લા ૨૪ કલાકમાં અંદાજિત એક ઈંચ વરસાદ વરસ્યો હતો. શહેરમાં અત્યાર સુધી સિઝનનો ૯ ઈંચ જેટલો વરસાદ નોંધાયો છે. જો કે હજુ વરસાદનો એક પણ ભારે રાઉન્ડ આવ્યો નથી. જેના લીધે વરસાદી વાયરા અને વરસતા ઝાપટા વચ્ચે પણ હળવી ઠંડકના અંતે વાતાવરણમાં ફરી ઉકળાટ અનુભવાય છે. અષાઢમાં શ્રાવણના સરવરિયા વરસાવતા મેઘરાજાના મંદ મિજાજથી નગરજનો બેચેની અનુભવી રહ્યા છે.





શહેરમાં છેલ્લા એક સપ્તાહથી વરસાદી માહોલ જામ્યો છે. પરંતુ વરસાદ હજુ પણ મનમુકીને વરસતો નથી. મેઘરાજા રોજ હાજરી પુરાવી જાય છે. જયારે કેટલાક વિસ્તારોમાં છુટછવાટા ઝાપટા વરસાવી ભીંજારો કરી જતા વરસાદના અંતે માર્ગો ભીના થવાની સાથે સેકટરોમાં પાણીના ખાબોચિયા ઉભરાય છે. જો કે ટીપે ટીપે વરસતા વરસાદના અંતે પણ શહેરમાં અત્યાર સુધી સિઝનનો ૯ ઈંચ જેટલો વરસાદ થઈ ગયો છે. ગઈકાલે પણ વરસાદી ઝાપટુ આવ્યુ હતુ શહેરમાં આજે પણ સવારથી જ આકાશમાં વરસાદી નઝારો નિખર્યો હતો. દિવસ દરમિયાન ક્યારેક વાતાવરણમા ઉઘાડ પણ જોવા મળ્યો હતો. તડકી છાયડી વચ્ચે સાંજના સમયે આકાશમાં વરસાદી વાદળો

● અનુસંધાન પાન-૭ પર

## વરિષ્ઠ કોલમીસ્ટ નગીનદાસ સંઘવીનું નિધન

**પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી, મુખ્યમંત્રી વિજય રૂપાણી, શિક્ષણ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા અને પૂ. મોરારિ બાપુ સહિત અનેક સાહિત્ય પ્રેમીઓએ ભાવભીની અંજલિ આપી**



ગુજરાતીના જાણીતા કટાર લેખક નગીનદાસ સંઘવીનું ૧૦૦ વર્ષની ઉંમરે નિધન થયું છે. સુરત હોસ્પિટલમાં સારવાર દરમિયાન તેમનું મોત થયું છે. નગીનદાસ સંઘવીને ગત ૨૬મી જાન્યુઆરીએ પદ્મશ્રી આપીને સન્માનિત કરાયા હતા. મોટા ભાગે મુંબઈ ખાતે જીવન પસાર કરનારા ૧૦૦ વર્ષીય નગીનદાસ સંઘવી છેલ્લા કેટલાક મહિનાઓથી ઘોડદોડ રોડ વિસ્તારમાં દીકરીના ઘરે રહેતા હતા. તેઓ વરિષ્ઠ રાજકીય વિશ્લેષક હતા તેમજ તેમની કોલમ 'તડ ને ફડ' રાજકારણની

● અનુસંધાન પાન-૭ પર


**શ્રદ્ધાસુમન**

अच्छेद्योऽयमदाह्योऽयमक्लेद्योऽशोष्य एव च ।
नित्यः सर्वगतः स्थाणुरचलोऽयं सनातनः ।।
श्रीमद भगवद गीता



**શ્રી મુકુંદભાઈ ચંદુલાલ દેસાઈ**
(૧૯૨૮-૨૦૨૦)
ફાઉન્ડર / ટ્રસ્ટી, પ્રાંતિજ કેળવણી મંડળ

સદ્‌ગતનો પ્રાંતિજ કેળવણી મંડળની સ્થાપનામાં (Founder Trustee) તરીકે તેમનો સિંહફાળો રહ્યો જ છે, સાથે સાથે પ્રાંતિજ કેળવણી મંડળની તમામ સંસ્થાઓના વિકાસમાં પણ મોખરે જ રહ્યા છે. પ્રાંતિજ કેળવણી મંડળના થકી 'પ્રાંતિજ'નો વિકાસ હંમેશા તેમના હૃદયમાં અવિરતપણ રમતો રહ્યો છે.

પરમ કૃપાળુ પરમાત્મા સદ્‌ગતના આત્માને ચિરન્તન શાંતિ અર્પે.

શ્રી સી. સી. શેઠ — શ્રી રઈસભાઈ કસ્બાતી
શ્રી ભરતભાઈ ફડિયા — શ્રી જયંતિભાઈ પટેલ
શ્રી અરવિંદભાઈ કોઠારી — શ્રી નિત્યાનંદ બ્રહ્મભટ્ટ

**પ્રાંતિજ કેળવણી મંડળ પરિવાર**


## ગૃહમંત્રી અમિત શાહ આજે જિલ્લાના અધિકારીઓ સાથે વિડીયો કોન્ફરન્સ કરશે

**સંસદીય મતવિસ્તારના પ્રશ્નો અને વિવિધ યોજનાઓના અમલીકરણ અંગે ખાસ બેઠક**

ગાંધીનગર, તા. ૧૨

કેન્દ્રીય ગૃહમંત્રી અને ગાંધીનગરના સાંસદ અમીત શાહ આજે જિલ્લાના અધિકારીઓ સાથે વિડીયો કોન્ફરન્સ કરી વિવિધ પ્રશ્નો અને તેના ઉકેલ માટે તંત્રએ લીધેલા પગલાંઓની સમીક્ષા કરનાર છે.

સોમવારે ૧૧ વાગે કેન્દ્રીય ગૃહમંત્રી અમીત શાહ વિડીયો કોન્ફરન્સના માધ્યમથી જિલ્લાના અધિકારીઓ સાથે જોડાશે.

મળતી વિગતો પ્રમાણે ગૃહમંત્રીની આ વિડીયો કોન્ફરન્સમાં કોરોનાની કામગીરીથી લઈ વિવિધ મુદ્દાઓની ચર્ચા થવાની હોઈ તંત્ર દ્વારા આ અંગે તડામાર તૈયારીઓ ચાલી રહી છે. આજે રજાના દિવસે પણ તંત્ર દ્વારા કચેરીઓ ધમધમતી જોવા મળતી હતી.

કેન્દ્રીય ગૃહમંત્રી દ્વારા વેપાર-ઉદ્યોગની વર્તમાન સ્થિતિ તેમજ વિવિધ પેકેજોથી ઉદ્યોગોને મળેલા લાભો સહિતની બાબતો અંગે ખાસ ચર્ચા કરનાર છે. આત્મનિર્ભર ભારત અને આત્મિનિર્ભર ગુજરાત યોજનાના મુદ્દાઓને લઈ વિસ્તૃત ચર્ચા કરવામાં આવનાર છે.

ઉદ્યોગો અને શ્રમિકોના પ્રશ્નો પણ આ કોન્ફરન્સમાં છવાયેલા રહેશે તેમ મનાઈ રહ્યુ છે.

આ વિડીયો કોન્ફરન્સમાં પ્રદૂષણ મુક્ત જિલ્લો બનાવવા માટે ઉજ્જવલ્લા યોજના સહિતની વિવિધ યોજનાઓ અંગે પણ સમીક્ષા કરવામાં આવશે. ગાંધીનગરને ગ્રીન ડિસ્ટ્રીક્ટનું બિરૂદ મળે તે માટે વનીકરણની કામગીરી અને અત્યાર સુધી થયેલા વૃક્ષોના વાવેતરની બાબતે સમીક્ષા કરાશે.

દિશા અંગેની બેઠક મળી શકી નથી પણ ગ્રામ વિકાસ એજન્સી દ્વારા જે જે યોજનાઓ ચાલે છે તેની સર્વગ્રાહી સમીક્ષા કરાશે. આવાસ યોજનાઓ જે અગ્રતાના ધોરણે હાથ ધરવામાં આવી છે કે કેમ તેની ચર્ચા ઉપરાંત સ્વચ્છ ભારત મિશન અંતર્ગત થયેલ

● અનુસંધાન પાન-૭ પર

## જિલ્લામાં સાર્વત્રિક વરસાદથી વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર જિલ્લામાં સાર્વત્રિક વરસાદ થતાં વાતાવરણમાં ઠંડક પ્રસરી જવા પામી છે.

આજે જિલ્લાના ચારેય તાલુકામાં હળવાથી ભારે વરસાદ નોંધાયો છે. મળતા અહેવાલો પ્રમાણે આજે સવાર સુધીમાં જિલ્લામાં ૨૩.૫૮ ટકા સીઝનનો વરસાદ નોંધાયો છે.

**અત્યાર સુધીમાં સિઝનનો ૨૩.૫૮ ટકા વરસાદ નોંધાયો : સૌથી વધુ વરસાદ દહેગામમાં નોંધાયો**

દહેગામમાં ૩૪.૨૯ ટકા, ગાંધીનગરમાં ૧૮.૧૯ ટકા, કલોલમાં ૧૪.૧૮ ટકા અને માણસામાં ૨૬.૨૭ ટકા વરસાદ સિઝનનો નોંધાયો છે.

આજ સવારના ૬ વાગ્યા સુધી જોઈએ તો દહેગામમમાં ૨૮૪ મિ.મિ., ગાંધીનગરમાં ૧૨૯ મિ.મિ., માણસામાં ૨૧૨ મિ.મિ. અને કલોલમાં ૧૧૨ મિ.મિ. વરસાદ નોંધાયો છે. જિલ્લામાં સરેરાશ વરસાદ આજ સવારના ૬ વાગ્યા સુધીમાં ૧૮૪ મિ.મિ. જેટલો થવા જાય છે.

આ વર્ષે ચોમાસાની આ સિઝનમાં વીજળી પડવાથી ૩ વ્યક્તીના મોત થયા છે. જો કે જિલ્લાતંત્ર દ્વારા મૃત્યુ પામનારાઓના પરિવારને તાત્કાલિક સહાય ચુકવી આપવામાં આવી છે.

જિલ્લામાં સાર્વત્રિક વરસાદ થતાં ગ્રામ્ય વિસ્તારના તળાવોમાં નવા નીરની આવક થવા લાગી છે. આ ઉપરાંત ગ્રામ્ય વિસ્તારોમાં પાણી ભરાઈ જવાની તથા ગંદકીની ફરિયાદો ઉઠવા પામી છે.

● અનુસંધાન પાન-૭ પર

## આજે ૩ આદર્શ કન્યા, ૫ આંબેડકર કુમાર શાળાનું લોકાર્પણ

ગાંધીનગર, તા. ૧૨

રાજ્યના અનુસૂચિત જાતિ અને વિકસતી જાતિના વિદ્યાર્થીઓને અભ્યાસ સાથે રહેવા જમવાની સુવિધા સરકાર દ્વારા વિના મૂલ્યે ઉપલબ્ધ કરાવતા ૩ આદર્શ નિવાસી કન્યાશાળા તેમજ ૫ ડૉ.બાબા સાહેબ આંબેડકર કુમાર છાત્રાલયના સોમવારે ૧૩ જુલાઈએ ઈ-લોકાર્પણ ગાંધીનગરથી મુખ્ય મંત્રી વિજય રૂપાણી કરશે. રાજ્યના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ દ્વારા ૬૧.૭૫ કરોડ રૂપિયા ના કુલ ખર્ચે આ નવા સંકુલો નિર્માણ પામ્યા છે આ ઈ- લોકાર્પણ અન્વયે અનુસૂચિત જાતિની છોકરીઓ માટે વડોદરા જિલ્લામાં ૧ તેમજ આણંદના બાકરોલમાં ૧ એમ બે આદર્શ નિવાસી કન્યાશાળા તથા નવસારીના જલાલપોરમાં વિકસતી જાતિઓની દીકરીઓના અભ્યાસ આવાસ માટે ૧ આદર્શ નિવાસી કન્યાશાળા ખુલ્લી મૂકશે.

રાજ્યના અનુસૂચિત જાતિ અને વિકસતી જાતિના વિદ્યાર્થીઓના શૈક્ષણિક વિકાસ સાથે એક પણ બાળક અભ્યાસથી

● અનુસંધાન પાન-૭ પર


ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT Turning Dreams into Concrete Reality | KisaN | ashirvad | Jaquar experience bathing | DR. FIXIT | TATA STEEL • PIPES • SHEETS | ET TMT BARS Mazboot Bharat ki Pehchan

**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
**કેપિટલ ઓફસેટ** ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, છઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com